**અલ્લાહતઆલા પોતાના વલીઓ અને નેકી પર કાયમ રહેનારની સંતાન અને પેઢીની પણ રક્ષા કરે છે અને તેમને નવાઝે છે પરંતુ શર્ત એ કે તે સંતાન અને પેઢી પણ નેકી પર કાયમ રહેનાર હોય. હઝરત મસીહ મૌઉદ (અ.સ.) ની પુસ્તકો આપણે વિશેષ તૌર પર વાંચવાની કોશીશ કરવી જોઈએ તેનાથી આપણું દીની ઈલ્મ વધશે અને આપણને પ્રચારનો શોખ પણ પૈદા થશે આપણાં ઈલ્મમાં બરકત પણ પડશે અને દુનિયાને આપણે ઈસ્લામના ઝંડા નીચે લાવવાને યોગ્ય થઈશું.**

*ખુલાસા ખુત્બા જુમ્મા સૈયદના હઝરત અકદસ અમિરૂલ મોમિનીન ખલીફતુલ મસીહ અલ ખામિસ ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ, તા. ૧૫-જાન્યુઆરી-૨૦૧૬, સ્થળ : મસ્જીદ બૈતુલ ફુતૂલ-લંડન*

તશહુદ તઆઉઝ અને સુરેહ ફાતેહાની તિલાવત બાદ હઝુર અનવર ઐયદહુલ્લાહ તઆલા બિનસરિહિલ અઝીઝ એ ફરમાવ્યુ.

અલ્લાહતઆલા પોતાના વલીઓ અને નેકી પર કાયમ રહેનારની સંતાન અને પેઢીની પણ રક્ષા કરે છે અને તેમને નવાઝે છે પરંતુ શર્ત એ કે તે સંતાન અને પેઢી પણ નેકી પર કાયમ રહેનાર હોય હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) તેનો દાખલો આપતા હઝરત અલી (રઝી) વિશે ફરમાવે છે કે જુઓ આંહઝરત સ.અ.વ. એ જ્યારે પોતાની પૈગંબરીના શરૂઆતી દિવસોમાં પોતાના ખાનદાનના લોકોને પૈગામે હક પહોંચાડ્યું તો આખી મજલિસ આશ્ચર્યમાં પડી ગઈ બધા ખામોશ હતા કોઈ ના બોલ્યુ અંતે હઝરત અલી (રઝી) ઉભા થયા અને બોલ્યા કે જેટલા મજલિસમાં બેઠા છે તેમનાથી હું ઉંમરમાં નાનો છું પરંતુ હું જે આપ સ.અ.વ.એ ફરમાવ્યું છે તે વિશે હું આપનો સાથ આપવા માટે તૈયાર છું અને વાયદો કરુ છું કે હંમેશા સાથ આપીશ ત્યારપછી મક્કામાં ખુબ વિરોધ આગળ વધી ગયો આંહઝરત સ.અ.વ.ને હિજરત કરવી પડી તે સમયે હઝરત અલી (રઝી)નેજ અલ્લાહતઆલાએ આ કુરબાનીની તૌફીક આપી કે આંહઝરત સ.અ.વ.એ હઝરત અલી (રઝી) ને પોતાની પથારી પર સુવડાવ્યા અને ફરમાવ્યું તમે અહિંયા સુતા રહો જેથી દુશ્મન સમજે કે હું સુઈ રહ્યોં છું તે સમયે હઝરત અલી (રઝી) એ આમ ન કહ્યું કે હે અલ્લાહના રસુલ દુશ્મન બારણે ઘેરાવ કરી ઉભો છે સવારે જ્યારે તેમને ખબર પડશે તો દુર નથી કે મને કત્લ કરી દેશે બલ્કે ખુબ આરામથી હઝરત અલી (રઝી) આપની પથારી પર સુઈ ગયા અને સવારે જ્યારે કુફ્ફારને ખબર પડી તો તેમણે હઝરત અલી (રઝી) ને ખુબ માર્યા પરંતુ તે સમય સુધી આંહઝરત સ.અ.વ. મક્કાથી હિજરત કરી ચુક્યા હતા. હઝરત અલી (રઝી) ની કુરબાનીએ તેમને પછી કેટલા ઈનામોથી નવાઝયા તે સમયે આ ફકત અલ્લાહતઆલાના ઈલ્મમાં હતુ કે તેમને આ કુરબાનીના બદલે કેટલી ઈજ્જત મળનાર છે અને ન માત્ર હઝરત અલી (રઝી) ને બલ્કે નેકીઓ પર કાયમ રહેનાર આપની સંતાનો અને પેઢીઓને પણ અલ્લાહતઆલા ઈજ્જતથી નવાઝશે. હઝરત અલી (રઝી) પર પહેલો ફઝલ તો અલ્લાહતઆલાએ આ ફરમાવ્યું કે આપને આંહઝરત સ.અ.વ.ના જમાઈ બનાવ્યા પછી આહંઝરત સ.અ.વ.એ અનેક સ્થાનોએ હઝરત અલીના અમુક કામોના કારણે ખુબ પ્રશંસા કરી છે. એક વાર આંહઝરત સ.અ.વ. યુધ્ધ માટે કોઈ સ્થાને જઈ રહ્યા હતા તો હઝરત અલીને મદીનામાં રોકાવાનો હુકમ આપ્યો હઝરત અલીએ કહ્યું કે હે અલ્લાહના રસૂલ આપ મને સ્ત્રીઓ અને બાળકો સાથે છોડીને જાઓ છો આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે હે અલી શું તમને આ પસંદ નથી કે તમારો લગાવ મારી સાથે એ હોય જે હારૂનની મૂસાથી હતી હઝરત મૂસા હારૂનને પાછળ છોડીને ગયા હતા જેનાથી હારૂનની ઈજ્જત ઓછી ન થઈ હતી માટે હઝરત

અલી (રઝી)ની પણ અલ્લાહતઆલાએ ઈજ્જત એ રીતે કાયમ ફરમાવી અને આપ સુધી જ નહી બલ્કે ઈસ્લામમાં જે અધિકતર ઔલિયા અને સુફીયા ગુજર્યા છે તે હઝરત અલીની સંતાનમાં થી જ છે અથવા હતા. અને તે ઔલિયાઓને પણ અલ્લાહતઆલાએ મોઅજિઝાત (ચમત્કારો) અને તેની સહાયતા અતા કરી.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) હઝરત મસીહ મૌઉદ (અ.સ.)ના હવાલાથી બયાન કરે છે કે હઝરત મસીહ મૌઉદ અ.સ.થી મે એક કિસ્સો સાંભળ્યો છે અને તે કિસ્સો એ છે કે હારૂન રશીદએ ઈમામ મૂસા રઝાને કોઈ કારણસર કેદ કરી દીધા અને તેમના હાથ પગમાં દોરડુ બાંધી દીધું હારૂન રસીદ પોતાના મહેલમાં આરામથી આરામ કરવાના ગાંદલા ઉપર સુઈ રહ્યો હતો. કે તેણે સ્વપનમાં જોયું કે રસૂલ કરીમ સ.અ.વ. આવ્યા છે અને આપ સ.અ.વ.ના ચહેરા પર ક્રોધના લક્ષણો છે આપએ ફરમાવ્યું કે હારૂન રશીદ તુ મારાથી પ્રેમનો દાવો કરે છે પરંતુ તને શર્મ નથી આવતી કે તુ આરામથી ગાદલા પર ઉંઘી રહ્યો છે અને મારો છોકરો ગરમીમા હાથ પગ બાંધેલ કેદખાનામાં પડ્યો છે આ નઝારો જોઈને હારૂન રશીદ બેચેન થઈને ઉભો થઈ ગયો અને જેલમાં ગયો અને પોતાના હાથે ઈમામ મૂસા રઝાના હાથ પગના દોરડા ખોલી નાખ્યા તેમણે હારૂન રસીદને કહ્યું કે આપ તો મારા એટલા વિરોધી હતા હવે શુ વાત છે જે પોતે ચાલીને અહીંયા આવ્યા હારૂન રસીદે પોતાનું સ્વપ્ન સંભળાયો. અને કહ્યું હું આપથી ક્ષમા ચાહું છુ હું અસલ હકીકત જાણતો ન હતો. હવે જુઓ હઝરત મુસ્લેહ મૌઉદ ફરમાવે છે જુઓ આ યુગ અને રસૂલ કરીમ સ.અ.વ.ના યુગમાં કેટલો મોટુ અંતર હતુ અમોએ અનેક બાદશાહોની સંતાન જોઈ છે કે તે રઝડતા ઠોકરો ખાતા ફરે છે બીજી બાજુ જુઓ હઝરત અલી (રઝી)ની સંતાનને કે એટલી પેઢીઓ ગુજર્યા પછી પણ ખુદાતઆલા એક બાદશાહને સ્વપનમાં ડરાવે છે અને તેને હુસ્ને સુલૂકનો હુકમ આપે છે જો હઝરત અલી (રઝી)ને આ મરતબાની ખબર હોત અને તેમને ગૈબનો ઈલ્મ હોત અને તે માત્ર આ ઈજ્જત વધારવા માટે ઈસ્લામ કબૂલ કરતા તો તેમનો ઈમાન માત્ર સોદો અને દુકાનદારી રહી જતું કોઈ ઈનામને લાયક ન થાત.

ઈઝરત મસીહ મૌઉદ (અ.સ.)એ એક સ્થાને એક વલીનું વર્ણન કરતા ફરમાવ્યું કે તે જહાઝમાં સવાર હતો સમુદ્રમાં તોફાન આવી ગયું નજીક હતુ કે જહાજ ડુબી જતુ તેની દુઆથી બચાવી લેવાયું અને દુઆ સમયે તેને ઈલ્હામ થયો કે તારા લીધે મેં બધાને બચાવી લીધા આપ (અ)એ ફરમાવ્યું જુઓ આ વાતો માત્ર જમા ખર્ચથી હાંસેલ નથી થતી બલ્કે તેના માટે મહેનત કરવી પડે છે અલ્લાહ સાથે તાલુક રાખવું પડે છે નેકીઓને જારી રાખવુ પડે છે. જે આપણા પૂર્વજોની નેકીઓ છે. માટે નેકોનુ વંશ હોવુ, વલીઓનું વંશ હોવું બુઝુર્ગોનું વંશ હોવું પણ તે જ સમયે ફાયદો આપે છે જ્યારે સ્વયં પણ નેકીઓ પર ઈનસાન કાયમ હોય અને અલ્લાહ સાથે તાલુક હોય.

હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી)ની હઝરત મસીહ મૌઉદ અ.સ. વિશે બયાન કરેલ અમુક બીજી વાતો પણ અત્યારે આપની સામે પેશ કરીશ. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) હઝરત મસીહ મૌઉદ (અ)ની બાજમાત નમાઝની પાબંદી વિશે ફરમાવે છે કે હઝરત મસીહ મૌઉદ (અ)ને નમાઝ એટલી પ્રિય હતી કે જ્યારે પણ બિમારી વગેરેના કારણે આપ આવી ન શકતા અને ઘરમાં જ નમાઝ અદા કરવી પડતી તો તેમની માતાજી અથવા ઘરના બાળકોને સાથે લઈને બાજમાત નમાઝ પઢતા હતા. ફક્ત નમાઝ ન પઢતા બલ્કે બાજમાત નમાઝ પઢતા હતા. હઝરત મસીહ મૌઉદ (અ) સ્વયં એક અવસરે નમાઝ બાજમાતની

અહેમીયત બયાન કરતા ફરમાવે છે અલ્લાહતઆલાનો આ હેતુ છે કે તમામ ઈન્સાનોને એક આત્માની જેમ બનાવી દે. તેનું નામ વદહતે જમહુરી (લોકોની એકતા હોવું) આપે ફરમાવ્યું કે મઝહબનો પણ એજ ઉદેશ હોય છે કે તસ્બીહના દાણાની જેમ વદહતે જમહુરીના એક દોરામાં બધા પરોવાઈ જાય. મઝહબ તેને જ કહેવાય જે બધાને એકત્ર કરે બધાને એક બનાવી દે ફરમાવ્યું કે આ નમાઝો જે બાજમાઅત અદા કરવામાં આવે છે તે પણ એકતા માટે જ છે જેથી કાલે નમાઝોનું એક અસ્તિત્વ ગણવામાં આવે અને આપસમાં મળીને ઉભા થવાનો હુકમ એટલા માટે છે કે જેની પાસે વધારે નૂર છે તે બીજા કમજોરમાં પ્રવેશ કરીને તેને શકિત આપે અર્થાત નમાઝી એક બીજાથી શકિત હાંસેલ કરે. ફરમાવ્યું લોકોમાં એકતા પૈદા કરવાની અને કાયમ રાખવાની શરૂઆત આ રીતે અલ્લાહતઆલાએ કરી છે કે પહેલા આ હુકમ આપ્યો કે પ્રત્યેક મહોલ્લાવાળા પાંચ સમયની નમાઝો બાજમાત મહોલ્લાની મસ્જીદમાં અદા કરે જેથી આપસમાં અખ્લાકની અદલાબદલી થાય. અને નૂર મળીને કમજોરીને દુર કરે અને આપસમાં પરિચય થઈને સ્નેહ, પ્રેમ પૈદા થઈ જાય, ફરમાવ્યું કે પરિચય ખુબ ઉત્તમ વસ્તુ છે કેમ કે તેનાથી પ્રેમ વધે છે જે એકતાની બૂનિયાદ છે માટે જ્યાં બાજમાત નમાઝનો વ્યકિતગત ફાયદો થાય છે ત્યાં ઈન્સાનને સામૂહિક ફાયદો પણ થાય છે અને જે લોકો નમાઝ માટે મસ્જીદમાં નથી આવતા અથવા એવા પણ છે આવીને આપસમાં દુશ્મની દુર કરીને પ્રેમ અને સંબંધ પૈદા નથી કરતાં તેમને નમાઝો કોઈ ફાયદો નથી આપતી. કારણકે મકસદ છે એક નમાઝનો ઈબાદત સિવાય એકતા પેદા થવુ. આપસમાં પ્રેમ સ્નેહ પૈદા થવુ તે હાંસેલ નથી થતું માટે સોચ સાથે આપણે આપણી નમાઝોની રક્ષા કરવી જોઈએ અને સોચ સાથે મસ્જીદમાં આવવું જોઈએ જેથી આપણે એક થઈને અલ્લાહતઆલા સામે પસંદ પામેલી નમાઝો અદા કરનાર બનીએ. અને તેની ખુશી હાંસેલ કરનાર બનીએ.

નમાઝ છુટી જવાનો એક કિસ્સો હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) હઝરત મસીહ મૌઉદ (અ)ના હવાલાથી બયાન કરે છે કે હઝરત મસીહ મૌઉદ (અ) સંભળાવતા હતા કે એક વાર હઝરત મઆવિયાની સવારે આખ ન ઉઘડી અને ખુલી તો નમાઝનો સમય ગુજરી ગયો હતો જેથી તેઓ આખો દિવસ રડતી રહી બીજા દિવસે તેમણે સ્વપ્નમાં જોયું કે એક વ્યકિત નમાઝ માટે ઉઠાવે છે તેમણે પુછ્યું કે તુ કોણ છે તેણે કહ્યું કે શૈતાન છુ. તમને નમાઝ માટે ઉઠાવવા આવ્યો છું તેમણે કહ્યું તારે નમાઝમાં ઉઠાવવાથી શું સંબંધ ? તેણે કહ્યું કે કાલે મેં તને ઉંઘતા રહેવાની તહેરીક કરી અને તમે ઉંગતા રહ્યાં અને નમાઝ ન પઢી શકયા જેથી તમે આખો દિવસ રડતા રહ્યાં. ચિંતા કરતા રહ્યા ખુદાતઆલાએ કહ્યું કે તને બાજમાઅત નમાઝ પઢવાથી અધિક સવાબ આપી દો. શૈતાન કહે છે કે મને આ વાતનો ખુબ આઘાત થયો કે નમાઝથી વંચિત રાખવા પર તને અધિક સાવબ મળી ગયો આજે હું એટલા માટે જગાડવા આવ્યો છુ કે આજે પણ તને વધારે સવાબ ન મળી જાય તો આપ ફરમાવે છે કે ત્યારે પીછો છોડે છે જ્યારે કે ઈન્સાન તેની વાતને તોડે છે અને તે માયુસ થઈ ને ચાલ્યો જાય છે માટે આપણે પણ દરેક મોકા પર શૈતાનને માયુસ કરીએ અને અલ્લાહતઆલાની ખુશી હાંસેલ કરવાની યથાશકિત કૌશિશ કરીએ અને તેના હુકમો પર ચાલવાની કૌશિશ કરીએ પોતાની નમાઝોની રક્ષા કરીએ અને સમયસર અદા કરવાની કૌશિશ કરીએ.

અમુક વાર અમુક લોકો ઉતાવળથી કામ લે છે અને કોઈ વાતના ઉંડાણમાં ગયા વગર અભિપ્રાય કાયમ કરી લે છે અને પછી અમુક કમજોર લોકો તેના કારણે ઠોકર પણ ખાય છે એક ઘટનાનું વર્ણન કરતા હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી)

ફરમાવે છે કે એક ભોજન સમારોહમાં મેં એક વ્યકિતને ડાબા હાથે પાણી પિવાથી રોક્યો મેં તેને કહ્યું કે જમણા હાથથી પાણી પિઓ કોઈ જાયઝ કારણ ન હોય તો તેણે કહ્યું કે હઝરત મસીહ મૌઉદ (અ) પણ ડાબા હાથે પાણી પિતા હતા. પરંતુ એક કારણ હતુ આપ નાનપણમાં પડી ગયા હતા. જેથી હાથમાં વાગ્યુ હતુ અને હાથ એટલુ કમજોર થઈ ગયુ હતુ કે તેનાથી ગ્લાસ તો ઉઠાવી શકતા હતા પરંતુ મોંઢા સુધી લઈ જઈ શકતા ન હતા. પરંતુ સુન્નતની પાંબદી માટે આપ ડાબા હાથથી ગ્લાસ તો ઉઠાવતા પણ જમણા હાથનો સહારો પણ લઈ લેતા હતા માટે આ ઉતાવળુ પગલુ છે જે પછી ખોટા પ્રકારની આદત પણ પૈદા કરી દે છે ખોટી તફસીરો કરીને ઈન્સાન સ્વયં ખોટા પરિણામ સમાવી લે છે.

તવક્કુલ (ભરોસો)ના હવાલાથી હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) હઝરત મસીહ મૌઉદ(અ)થી સાંભળેલ કિસ્સાથી ફરમાવે છે કે આપ (અ) ફરમાવતા હતા કે સુલ્તાન અબ્દુલ હમીદખાનની એક વાત મને ખુબ પસંદ છે જ્યારે યુનાન સાથે યુધ્ધનો પ્રશ્ન ઉભો થયો તો સુલ્તાન અબ્દુલ હમીદખાનનો હેતુ હતો કે યુધ્ધ થાય પરંતુ વજીરનો હેતુ ન હતું માટે તેમણે ઘણા બધા કારણો પેશ કર્યા અંતે તેમણે કહ્યું કે યુધ્ધ માટે આ વસ્તુ પણ તૈયાર છે અને તે વસ્તુ પણ તૈયાર છે પરંતુ જરૂરી વસ્તુનું વર્ણન કરીને કહી દીધું કે ફલાણી બાબતની વ્યવસ્થા નથી થઈ શકી. જે યુધ્ધ માટે જરૂરી છે હઝરત મસીહ મૌઉદ (અ) ફરમાવતા હતા કે જ્યારે વજીરોએ પોતાની સલાહ પેશ કરી અને મુશ્કેલીઓ જણાવી અને કહ્યું કે ફલાણી વસ્તુની વ્યવસ્થા નથી થઈ તો સુલ્તાન અબ્દુલ હમીદખાનએ જવાબ આપ્યો કે કોઈ ખાનું તો ખુદા માટે પણ છોડવું જોઈએ. હઝરત મસીહ મૌઉદ (અ) સુલ્તાન અબ્દુલ હમીદના આ વાક્યથી આનંદ મેળવતા હતા અને ફરમાવતા હતા કે મને તેની આ વાત ખુબ જ પસંદ છે તો મોમિન માટે પોતાની કૌશીશમાંથી એક ખાનું ખુદા માટે પણ છોડવું જરૂરી હોય છે ખાસ કરીને નવજુવાનોના મગજમાં આ પ્રશ્નો ઉભા થતા રહે છે  કે પ્રગતિશિલ કોંમો ખુદાથી દુર જઈને શાયદ પ્રગતિ કરી રહી છે અને મુસ્લીમ ધર્મના કારણે પડતી થઈ રહી છે જ્યારે કે મુસ્લીમ પોતાના તુચ્છપણાં અને તવક્કુલની ખોટી કલ્પનાના કારણે પોતાની પ્રતિષ્ઠા ખોઈ બેઠા છે અને કમજોરીનો શિકાર થઈ રહ્યા છે અને જ્યાં કઈ કરે છે ત્યાં પણ તેમની બીલકુલ ગલત Approach છે. હઝરત મસીહ મૌઉદ (અ) ફરમાવે છે કે કુરઆન શરીફની આયત છે કે અને આસ્માનમાં તમારો રિઝક પણ છે અને જે કંઈ વાયદો  કરવામાં આવે છે તે પણ છે ફરમાવ્યું એનાથી એક નાદાન ધોખો ખાય છે અને તદબીરોના સિલસિલાને બાતલ કરી દે છે મુસ્લીમો સમજે છે કે અલ્લાહતઆલાએ ફરમાવી દીધું છે કે આસ્માનમાં તમારુ રિઝક છે અને જે તમને વાયદો આપવામાં આવે છે તે મળશે માટે કઈ કરવાની જરૂર નથી અલ્લાહ સ્વયં બધુ મોકલી દેશે. ફરમાવ્યું પરંતુ સુરેજુમ્મામાં અલ્લાહતઆલા ફરમાવે છે તમે જમીનમાં વેરાઈ જાઓ અને ખુદાના ફઝલને તલાશ કરો અને ખુદાનો ફઝલ એ જ છે તલાશ કરવું કે મહેનત કરો અને પોતાની શકિતઓ વાપરો ફરમાવ્યું કે અમુક લોકો ઠોકર ખાઈને અસ્બાબ પરસ્ત થઈ જાય છે અને અમુક લોકો ખુદાની આપેલ શકિતઓને બેકાર સમજે છે ફરમાવ્યું કે આંહઝરત સ.અ.વ. યુધ્ધ પર જતા તો તૈયારી કરતા હતા. ઘોડા તથા હથિયારો સાથે લેતા હતા. બલ્કે ઘણીવાર આપ બે-બે કસબ પહેરીને જતા હતા. તલવાર પણ કમરમાં લટકાવતા હતા. નહીંતર અલ્લાહે તો વાયદો કર્યો હતો કે અલ્લાહ તને લોકોના હુમલાથી સુરક્ષિત રાખશે. માટે ઉપાય કરીને પછી તવક્કુલ (ભરોસો) નો હુકમ છે તેવી જ રીતે દરેક મામલામાં મહેનત કરીને પછી નવક્કુલનો હુકમ છે તે વગર ખુદાની મદદ નથી આવતી.

હઝરત મસીહ મૌઉદ (અ) ના ઈલ્હામ બાદશાહ તેરે કપડોસે બરકત ઢુંઢેગેની સુંદર વ્યાખ્યા હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી)એ ફરમાવી છે આપ ફરમાવે છે જ્યારે તે સમય આવશે કે બાદશાહ હઝરત મસીહ મૌઉદ (અ)ના કપડાથી બરકત શોધશે તો આપના સાહાબા અને સહાબાને જોનાર તાબેઈન અને પછી તબાનાબેઈન થી પણ તેમના દરજ્જા પ્રમાણે બરકત હાંસેલ કરવામાં આવશે માટે તમે અલ્લાહથી દુઆ કરતા રહો કે તાકાત મળી ગયા પછી તમે જુલ્મ ન કરવા લાગી જાઓ. માટે તમે ખુશી મનાવવાની સાથે અસ્તગફાર પણ કરતા રહો અને આપણા માટે અને બીજા લોકો માટે પણ દુઆઓ કરો. (આ ખુબ જરરી વાત છે  કે આજે આપણે અમન શાંતિની વાતો કરીએ છીએ સલામતીની વાતો કરીએ છીએ જ્યારે બધુ મળે બાદશાહ અહેમદી મુસલમાન હોય અને બરકત હાંસેલ કરવાની કૌશિશ કરે તે સમયે આપણુ અમન-શાંતિનું જે પૈગામ છે તે ફૈલાવવું જોઈએ નહીંતર આજ કાલ તો મજબૂરીની વાતો થશે) પછી ફરમાવ્યું કે તે દિવસ દુર નથી જ્યારે હઝરત મસીહ મૌઉદ (અ)નો આ ઈલ્હામ પુરો થશે. પરંતુ તે હઝરત મસીહ મૌઉદ (અ)ના કપડાથી તે સમયે જ બરકત શોધશે જ્યારે તમે આપ (અ)ની પુસ્તકોથી બરકત શોધવા લાગી જશો તો ખુદાતઆલા એવા સાધનો પૈદા કરી દેશે જે કે આપના કપડાઓથી બરકત શોધશે પ્રચાર થશે. ફૈલાશે બાદશાહત આવશે ત્યારે તે કપડાઓથી બરકત શોધવાની કૌશિશ પણ કરશે (પછી હઝુર અનવરે તબરરુકાત ને સુરક્ષિત રાખવા બાબતે માર્ગદર્શન આપ્યુ.

હઝરત મસીહ મૌઉદ (અ)ની જે પુસ્તકોનું વર્ણન થયું તે વિશે શરૂઆતમાં કઈ રીતે પુસ્તકો પ્રકાશિત કરવામાં આવતી હતી બયાન કરૂ. હઝરત મુસ્લેહ મૌઉદ (રઝી) બ્યાન કરે છે કે હઝરત મસીહ મૌઉદ (અ) કાતિબો (લખનારાઓ)ના નખરા સહન કરતા હતા અને ધોરણ સારુ રાખવાની કૌશિશ કરતા હતા. હઝરત મસીહ મૌઉદ(અ) આ પસંદ ન કરતા કે કોઈ સાધારણ કાતિબથી પુસ્તક લખાવીને ખરાબ કરી દેવાય. કેમ કે તેનાથી પુસ્તકનું ધોરણ લોકોની દ્રષ્ટિમાં ઓછું થઈ જાય છે ફરમાવ્યું કે હઝરત મસીહ મૌઉદ (અ)ની પોતાની પુસ્તકની છપાઈ વિશે એક ખાસ ચિંતા જોવા મળે છે તેની માલુમાત થાય છે કે ગૈરો સામે પણ ઈસ્લામના બચાવ અને તેની સુંદરતા વિશે જે શક્ય બને તેટલી શ્રેષ્ઠ વસ્તુ થઈ શકે છે તે કરવામાં આવે અને આપણા પોતાના લોકોના જ્ઞાનમાં વધારો કરવા માટે પણ સુંદર રીતે ઈસ્લામી તાલીમ સામે આવે.

માટે હઝરત મસીહ મૌઉદ (અ)ની પુસ્તકો આપણે વિશેષ તૌર પર વાંચવાની કૌશિશ કરવી જોઈએ તેનાથી જ આપણું દીની ઈલ્મ વધશે અને આપણને પ્રચારનો શોખ પણ પૈદા થશે આપણા ઈલ્મમાં બરકત પણ પડશે અને દુનિયાને આપણે ઈસ્લામના ઝંડા નીચે લાવવાને યોગ્ય થઈશુ. આમ નવજુવાનાઓ આ તરફ ધ્યાન આપવુ જોઈએ ત્યારે જ બાદશાહ તેરે કપડોસે બરકત ઢુંઢેગે. ઈલ્હામની અસલ હકીકત જાહેર થઈ શકશે અને તેની આપણને સમજ પણ આવશે અને આપણે પ્રચારના ઉચ્ચ ધોરણો પૈદા કરી શકીશુ. અલ્લાહતઆલા આ વાતને સમજવાની આપણા બધાને તૌફિક આપે. આમીન....

**BOOK POST (PRINTED MATTER)**

To, ______________________________

______________________________